૫ રીંગણાં લઉં બે-ચાર !

C5T4A7


● સાંભળો અને ગાઓ.

એ મનજીભાઈ આવ્યા,
શાક ને ભાજી લાવ્યા.
એ આવો, આવો, આવો,
માસી, ભાભી, કાકી આવો.

આવો લેવા શાકભાજી,
તાજી તાજી શાકભાજી.
એ આવો, આવો, આવો,
માસી, ભાભી, કાકી આવો.

લાલંલાલ ટામેટાં લેજો,
કૂણાંમીઠાં ગાજર લેજો.
મૂળા, મેથી, કોથમીર લેજો,
એ આવો, આવો, આવો,
માસી, ભાભી, કાકી આવો.

વાલોળપાપડી ને કુમળી ચોળી,
ફૂલેવર, કોબી, વટાણા, ડુંગળી,
ભીંડાં, પરવર અને ગુવારફળી,
માસી, ભાભી, કાકી આવો.



• વાતચીત :

૧. ગીતના કયા કયા શબ્દો સાંભળવાની તમને મજા પડી ?

૨. ગીતમાં આવેલા કયા શબ્દો તમે સાંભળ્યા છે/હતા ?

૩. ગીતમાં કઈ કઈ શાકભાજીનાં નામ આવે છે ?

૪. તમે મમ્મી કે પપ્પા સાથે કદી શાકભાજી ખરીદવા ગયાં છો ? તમને ત્યાં શું શું જોવા મળ્યું ?

૫. તમને કઈ શાકભાજી ગમે ? કેમ ?

૬. ભાવતું શાક ન બનાવ્યું હોય તો તમે શું કરો છો ?

૧. શાકભાજીનાં નામ સાંભળો. મનજીભાઈ લાવ્યા હોય તો - 'લાવ્યા લાવ્યા' અને ન લાવ્યા હોય તો - 'ભૂલ્યા ભૂલ્યા' બોલો.

૧.	ટામેટાં	૪.	મરચાં	૭.	બટાકા
૨.	ગાજર	૫.	મૂળા	૮.	દૂધી
૩.	કોબીજ	૬.	વટાણા	૯.	તુવેર

૨. ગીતને આધારે જોડો.

ટામેટાં	કુમળી
શાકભાજી	તાજી
ચોળી	મીઠાં
ગાજર	લાલંલાલ

૩. ચિત્ર પરથી વાતચીત કરો.



- **વાતચીત :**

૧. આ ચિત્ર કઈ જગ્યાનું છે ?
૨. ચિત્રમાં કુલ કેટલાં માણસો છે ?
૩. ચિત્રમાં કઈ કઈ શાકભાજી છે ?
૪. લારી પાસે ઊભો છે તે છોકરો શું કરતો હોય એવું લાગે છે ?
૫. ચિત્રમાં સ્ત્રી છોકરાને શું કહેતી હશે ?

૪. ચિત્રમાં હોય તો 'YES' અને ન હોય તો 'NO' કહો.

૧. ટામેટાં ૨. કોબીજ ૩. સફરજન ૪. સાઇકલ ૫. લારી

૬. મરચાં ૭. થેલી ૮. ત્રાજવું ૯. સ્કૂટર ૧૦. ડુંગળી

૫. તમને ભાવતી બે શાકભાજીનાં ચિત્ર દોરો અને રંગ પૂરો.

રીંગણાં લઉં બે-ચાર !

એક હતા દલા તરવાડી. તેમનાં પત્નીને રીંગણાં બહુ ભાવે. એકવાર દલા તરવાડીનાં પત્નીએ તેમને કહ્યું, ''તરવાડી રે તરવાડી !'' દલો તરવાડી કહે, ''શું કહો છો ભટ્ટાણી !''

''મને રીંગણાં ખાવાનું મન થયું છે, રીંગણાં લાવો ને રીંગણાં ! તરવાડી કહે, ઠીક ! તરવાડી તો પછી હાથમાં ખોખરી લાકડી લઈને ઠચૂકઠચૂક ચાલ્યા. નદીકાંઠે એક વાડી હતી. વાડી પર એ વખતે કોઈ નહોતું. દલા તરવાડીએ વિચાર કર્યો, હવે શું કરવું ? વાડીનો માલિક હાજર નથી. રીંગણાં કોની પાસેથી લેવાં ? પછી દલા તરવાડી કહે, ''વાડીનો માલિક નથી તો શું થયું ? વાડી તો છે ! લાવો, વાડીને પૂછું.'' દલો તો કહે, ''વાડી રે બાઈ વાડી !''

પણ વાડી થોડી બોલે ? એટલે દલો તો જાતે જ બોલ્યો, ''શું કહો છો દલા તરવાડી ?''



દલો કહે, ''રીંગણાં લઉં બે-ચાર ?''

ફરી વાડી ન બોલી એટલે વાડીને બદલે દલો કહે, ''લો ને દસ-બાર !''

દલા તરવાડીએ રીંગણાં લઈ લીધાં અને ઘરે જઈને આપ્યાં. રીંગણાંનો ઓળો કરી ને ખાધો. ભટ્ટાણીને રીંગણાંનો સ્વાદ લાગ્યો, એટલે તરવાડી રોજ રોજ વાડીએ આવે ને આવીને ચોરી કરે.

વાડીમાં રીંગણાં ઓછા થવા લાગ્યાં. વાડીના ધણીએ વિચાર કર્યો કે જરૂર કોઈ ચોર હોવો જોઈએ; તેને પકડવો જોઈએ. એક સાંજે વાડીનો માલિક ઝાડ પાછળ સંતાઈને ઊભો. થોડી વારમાં દલા તરવાડી આવ્યા અને બોલ્યા - વાડી રે બાઈ વાડી !

વાડીને બદલે દલો કહે - શું કહો છો, દલા તરવાડી ?

દલો કહે - રીંગણા લઉં બે-ચાર ?

ફરી વાડી ન બોલી એટલે વાડીને બદલે દલો કહે - લો ને દસ-બાર !

દલા તરવાડીએ તો ફાંટ બાંધીને રીંગણાં લીધાં અને જ્યાં ચાલવા જાય છે ત્યાં તો વાડીનો ધણી ઝાડ પાછળથી નીકળ્યો ને કહે - ઊભા રહો, ડોસા ! રીંગણાં કોને પૂછીને લીધાં ?

દલો કહે - કોને પૂછીને કેમ ? આ વાડીને પૂછીને લીધાં.

માલિક કહે - પણ વાડી કાંઈ બોલે ?

દલો કહે - વાડી નથી બોલતી પણ હું બોલ્યો છું ને ?

માલિક ઘણો ગુસ્સે થયો અને દલા તરવાડીને બાવડે ઝાલી એક કૂવા પાસે લઈ ગયો. દલા તરવાડીની કેડે એક દોરડું બાંધી તેને કૂવામાં ઉતાર્યો. પછી માલિક જેનું નામ વશરામ-ભૂવો હતું તે બોલ્યો - કૂવા રે ભાઈ કૂવા !

કૂવાને બદલે વશરામ કહે - શું કહો છે વશરામ ભૂવા ?

વશરામ કહે - ડબકાં ખવરાવું બે-ચાર ?

કૂવાને બદલે વશરામ બોલ્યો - ખવરાવ ને, ભાઈ ! દસ-બાર.

દલા તરવાડીના નાકમાં અને મોંમાં પાણી પેસી ગયું, તેથી દલો તરવાડી બહુ કરગરીને કહેવા લાગ્યો - ભાઈસા'બ ! છોડી દે. હવે કોઈ દિવસ ચોરી નહીં કરું. આજ એક વાર જીવતો જવા દે; તારી ગાય છું !

૬૪	'લ' શોધી / કરો. લ ટ ચ ખ ટ ચ ખ લ ચ ખ લ ટ ખ ચ ટ લ ખ ટ ચ લ (ચોસઠ)

• વાતચીત :

૧. વાર્તામાં કયા શાકની વાત આવે છે ?

૨. રીંગણાં કોને બહુ ભાવતાં હતાં ?

૩. દલા તરવાડી વાડી પાસે રીંગણાં કેવી રીતે માગે છે ?

૪. વાડીનો માલિક કોણ હતો ?

૫. વશરામભૂવાએ શું કર્યું ?

૬. વાર્તામાં આવેલા શબ્દની બાજુમાં 'છે' લખો અને ન આવેલા શબ્દની બાજુમાં 'ના' લખો.

વાડી : _____ મરચાં : _____ લાકડી : _____ ભૂવો : _____

બે-ચાર : _____ ડબકાં : _____ નાક : _____ માલિક : _____

દોરડું : _____ દાતરડું : _____ કબાટ : _____ _____

૭. આ વાત કોણ બોલી શકે ? દલો કે વશરામ ? કહો.

૧. ચાલ, હું તારા માટે રીંગણાં લઈ આવું !

૨. વાડી તું મને બે ચાર રીંગણાં લેવા દઈશ ?

૩. મારે ચોરને પકડવો જોઈએ.

૪. ઊભા રહો, તમે રીંગણાં કોને પૂછીને લીધાં ?

૫. આ વાડીને પૂછીને જ રીંગણાં લીધાં છે.

૬. હવે કોઈ દિવસ ચોરી નહીં કરું.

૮. વાર્તામાં આવું કયા ક્રમમાં થયું હતું તે કહો અને ક્રમ લખો.


૧. માલિક દલા તરવાડીને કૂવા પાસે લઈ ગયો. ☐


૨. તરવાડી તથા ભટ્ટાણીએ ઓળો બનાવીને ખાધો. ☐


૩. વાડીનો માલિક ઝાડ પાછળ સંતાયો. ☐


૪. દલો તરવાડી રીંગણાં લેવા વાડીએ ગયો. ☐

૯. લખો અને ઘૂંટો.









૬૬ ‘ચ’ શોધી / કરો. લ ટ ચ ખ ટ ચ ખ લ ચ ખ લ ટ ખ ચ ટ લ ખ ટ ચ લ (છાસઠ)

૧૦. લખો.

ગ	ગા	ગે	ગિ	ગી
મ	મા	મે	મિ	મી
ન	ના	ને	નિ	ની
જ	જા	જે	જિ	જી
વ	વા	વે	વિ	વી
ર	રા	રે	રિ	રી

૬૭ ‘ખ’ શોધી / કરો. લ ટ ચ ખ ટ ચ ખ લ ચ ખ લ ટ ખ ચ ટ લ ખ ટ ચ લ (સડસઠ)

સ	સા	સે	સિ	સી
દ	દા	દે	દિ	દી
ક	કા	કે	કિ	કી
બ	બા	બે	બિ	બી
અ	આ	એ	બિ	બી
છ	છા	છે	છિ	છી

ૈ ૈ ૈ ૈ ૈ ૈ ૈ ૈ ૈ ૈ ૈ ૈ

(અડસઠ)

પ	પા	પે	પિ	પી
ડ	ડા	ડે	ડિ	ડી
ત	તા	તે	તિ	તી
ણ	ણા	ણે	ણિ	ણી
ઈ	ઈ	ઈ	ઈ	ઈ
ઈ	ઈ	ઈ	ઈ	ઈ

લ	લા	લે	લિ	લી
ટ	ટા	ટે	ટિ	ટી
ચ	ચા	ચે	ચિ	ચી
ઝ	ઝા	ઝે	ઝિ	ઝી
લૈ	લૈ	લૈ	લૈ	લૈ
ટૈ	ટૈ	ટૈ	ટૈ	ટૈ

ચૈ ચૈ ચૈ ચૈ ચૈ **ચૈ** ચૈ ચૈ ચૈ ચૈ ચૈ

ચૈ	ચૈ	ચૈ	ચૈ	ચૈ
ખૈ	ખૈ	ખૈ	ખૈ	ખૈ

૧૧. ચિત્રને શબ્દ સાથે જોડો.



ઐરાવત

સૈનિક





પપૈયું

૧૨. વાક્યોને યોગ્ય ચિત્ર સાથે જોડો.

આ ટપાલી છે.



મને ખજૂર ગમે.



મને અનનાસ ગમે.




આ લસણ છે.



ચમચી લાલ છે.



૧૩. ઉદાહરણ મુજબ જોડો.


ટ ન ચ ખ લ ટ ચ ટ ખ ટ ચ ચ ચ ચ ખ ખ ચ ખ ખ અ ખ ચ ખ ખ ખ

૧૬. લખો.

જૈન | | | દૈનિક | | | |

દૈવ | | | ચૈતાલી | | | |

જૈવિક | | | | વૈદ્દિક | | | |

વાંચો :

મેળાની મજા

આજે ગામમાં મેળો છે. વૈખરી અને તેજલ મેળામાં જવા તૈયાર થયાં. તેજલ અને વૈખરીએ ચકડોળમાં બેસવાના પૈસા આપ્યા. ચકડોળમાં તો બહુ મજા આવી. તેજલ અને વૈખરીને મેળામાં ચૈતાલી મળી.

૧૭. સાંભળો, બોલો અને લખો.

લપસણી	
ટપાલી	
ચૈતાલી	
બાજરી	
ઐરાવત	
નૈતિક	
કૈલાસ	
બિલાડી	
ખેતર	
બીકણ	
રેખા	
વટાણા	

૧૮. ઉદાહરણ મુજબ શબ્દ લખો.







ટ	પા	લી

ટ	ચ	ખ
ચ	ખ	ચ
પા	મ	ટા
ખ	લ	જૂ
લી	ચી	ડી
મ	ખ	૨

વૈ વૈ વૈ વૈ વૈ વૈ વૈ વૈ વૈ વૈ વૈ

(છોંતેર)